# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                    તા. ૦૭-૦૫-૨૦૨૨

- **ફડણવીસ સરકારે લંડન સ્થિત ડો બાબા સાહેબનુ ઘર ૪૦ કરોડમા બ્રિટીશ સરકાર પાસેથી ખરીદીને તેમને સાચી સ્મરણાંજલી આપી છે, તે બદલ તેમને સલામ કરુ છુ.. મનહર પટેલ**
- **ગુજરાત સરકાર પણ ફડણવીસ સરકારના કાર્યને આગળ વધારે, રાષ્ટ્રપિતા પુ મહાત્મા ગાંધીજીનુ અને સરદાર વલ્લભભાઇ પટેલનુ લંડન ખાતેનુ ઘર ખરીદીને ગુજરાતને ગૌરવ અપાવે. - મનહર પટેલ**
- **રાજ્ય સરકારને સરદાર વલ્લભભાઇ પટેલ મોટેરા સ્ટેડીયમ ઉપરથી સરદાર સાહેબની તકતી ઉખાડતી વખતે તેમના હ્રદયમા ઉજરડા ન પડ્યા ? – મનહર પટેલ**

સદા આદરણીય ડો. બાબા સાહેબ આંબેડકર વિશે ભારત સરકાર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે પંચતીર્થ ડો. ભીમરાવ આંબેડકર નામની પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી, આદરણીય બાબા સાહેબ વિશે જેટલું સાહિત્ય વાંચવા મળે તેટલું ઓછું છે, તેમના વિશે તે સમયે લખાયેલ દરેક સાહિત્યમાં હંમેશા કઈક નવું જાણવા મળે છે. તે અંગે પુર્વ સરકારોએ અભુતપુર્વ  કાર્યો કરવામાં આવ્યા છે તે સરાહનીય અને આનંદની અનુભૂતિ થાય તેવા છે. આવું એક કાર્ય તત્કાલિન મહારાષ્ટ્રની ફડનવીસ સરકારે આશરે વર્ષ ૨૦૧૫ દરમ્યાન આદરણીય ડો. બાબા સાહેબની શિક્ષા ભૂમિ ઉત્તરી લંડનનું ઘર કે જ્યા લંડન સ્કૂલ ઓફ ઈકોનિમિક્સમાં ઉચ્ચ અભ્યાસાર્થે રહ્યા, તે ઘર ૧૦, કિંગ હેનરી રોડ પર આવેલ છે તે આશરે રૂ. ૪૦ કરોડમાં ખરીદમા આવેલ, આ કાર્ય કરીને રાષ્ટ્રને ખુબ મોટુ ગૌરવ અપાવ્યુ છે આ અદભુત કાર્ય કરીને ફડણવીસ સરકારે ડો બાબા સાહેબને સાચી સ્મરણાંજલી આપી છે, તે બદલ તેમને સલામ કરુ છુ..

મારા જેવા અનેક દેશવાશીઓનો આગ્રહ છે કે ગુજરાત સરકારે પણ ફડણવીસ સરકારના કાર્યને આગળ વધારે અને આપણા રાષ્ટ્રપિતા અને યુગપુરુષ પુ મહાત્મા ગાંધીજીનુ લંડન ખાતેનુ ૨૦, બેરોંસ કોર્ટ રોડ, સ્થિત ઘર અને બીજા એવા જ રાષ્ટ્રને એક સુત્રે બાંધનાર ગુજરાતના પનોતાપુત્ર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું લંડન સ્થિત ૨૩, અલ્ડ્રિજ રોડ, વિલા લાડબ્રોક ગ્રોવ, ઘર ગુજરાત સરકારે બ્રિટિશ સરકાર પાસેથી ખરીદીને આપણા રાષ્ટ્રીય નેતાઓની સ્મૃતિ અને તેમની યાદો સાથે જોડાયેલ ઈમારતો ગુજરાત સરકાર ખરીદીને સૌ ગુજરાતીઓને ગૌરવ અપાવવા માટે રાજ્ય સરકાર આ કદમ ઉઠાવે તેવી માંગણી છે.

ગુજરાતની ભાજપા સરકાર એક બાજુ સરદાર વલ્લભભાઇ પટેલ ની ૧૮૨ ફુટ ઉચી પ્રતિમા ઉભી કરે છે અને બીજી બાજુ સરદાર સાહેબના વર્ષો જુના અનેક સ્મારકો અને ભવનો આજે જર્જરીત હાલતમા છે તેમને જરુરી

મરામત માટે કે નિભાવનો ખર્ચ પણ રાજ્ય કે કેન્દ્ર સરકાર આપતી નથી, એટલુ નહી રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ જાહેરમા વચનો આપેલ છે તેનુ પણ પાલન થતુ નથી, ગુજરાતની આ વર્તમાન સ્થિતિમા ભાજપા સરકારનો સરદાર પ્રત્યેનો આદર ભાવ કેટલો છે તે દેખાય આવે છે, આઝાદીના લડવૈયાઓ અને રાષ્ટ્રીય ધરોહર પ્રત્યે ભાજપા સરકારનો અને તેના નેતાઓનો રવૈયો દુખદ છે,

સરદાર સાહેબને અન્યાયની વાતોના ઢોલ પીટનારી ભાજપા સરકારે સરદાર વલ્લભભાઇ પટેલના નામ સાથે જોડાયેલ મોટેરા ક્રીકેટ સ્ટેડીયમનુ નામ રાતો રાત બદલીને નરેન્દ્ર મોદી નામે કરીને સરદાર વલ્લભભાઇ પટેલ પ્રત્યેનો ભાવ પ્રેમ જગજાહેર છે ત્યારે રાજ્ય સરકારને જનતા સવાલ કરે છે કે સ્ટેડીયમ ઉપર રાષ્ટ્રીય ધરોહરની તકતી ઉખાડતી વખતે તમારા હ્રદયમા ઉજરડા ન પડ્યા ?


વધુમા ભારત સરકાર પાસે સાદર માંગ છે કે લંડન ખાતે જવાહરલાલ નહેરુ ૬૦ એલ્ગિન ક્રિસેંટ, નોટિંગ હિલ, લંડન, લોક માન્ય તિલક ૧૦ હોવલે પેલેસ, લંડન, સ્વામી વિવેકાનંદ ૬૩ સેંટ. જ્યોર્જ ડ્રાઈવ, લંડન મા આઝાદીના લડવૈયાઓ અને ભારતના સપુતોની યાદો અને સ્મૃતિ તેમજ ઈતિહાસ આ ઈમારતો સાથે જોડાયેલ છે એટલે આ તમામ ઈમારતો ભારતના ગૌરવપ્રદ ઈતિહાસની સાક્ષી છે, આ દરેક ઈમારતોમા વંદેમાતરમ, ઈન્કલાબ ઝીંદાબાદ અને ભારતમાતાની જય જય જયના નારા ગુંજી રહ્યા છે.માટે આ તમામ રાષ્ટ્રીય નેતાઓના ઘર બ્રિટિશ સરકાર પાસેથી ખરીદીને રાષ્ટ્રની મહામુલી સંપતિની યાદીના રુપે આપણો હિસ્સો બનાવવામા આવે, અને ભવ્ય ભારતની આવનાર પેઢીની સામે આ ગૌરવવંતો ઉજવળો ઈતિહાસ મુકવામા આવે.

ભારત સરકાર આ તમામ સંપતિઓ ખરીદીને દેશનો હિસ્સો બનાવશે તો રાષ્ટ્ર માટે ખુબ મોટુ કાર્ય કર્યુ ગણાશે અને આપણે જે આઝાદીના મીઠા ફળો જેમના થકી આરોગી રહ્યા છીએ તે તમામ મહાન વિભુતિઓને એક સાચી સ્મરણાંજલી અર્પણ કરી ગણાશે.

આજે બ્રિટિશ સરકારે આ દરેક ઘર કે ઈમારત પર એક ભુરા રંગની તકતી નામ સાથે હેરીટેજના દરજ્જા સાથે લગાવેલ છે. જે આ વેબસાઈટ દ્વારા વિગત મળી શકશે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ













Courtesy: https://www.english-heritage.org.uk/

